# પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર

NAVSARI AGRICULTURAL UNIVERSITY




## નવસારી કૃષિ યુનિવર્સિટી

## વ્યારા, જી. તાપી–૩૯૪૬૫૦

# પ્રસ્તાવના

ગુજરાતના તાપી જિલ્લાના વ્યારા તાલુકાના પાનવાડી ગામે આવેલ પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્રની સ્થાપના સને ૧૯૩૪માં શેરડી અને ડાંગર પાક પર સંશોધન કરવા માટે કરવામાં આવી હતી. પાછળથી ડાંગર પાકની અગત્યતાને ધ્યાને લઈ, શેરડી પાક પરનું સંશોધન નવસારી ખાતે તબદીલ કરવામાં આવ્યું. સને ૧૯૬૨માં અનાજ ઉત્પાદનમાં નોંધ પાત્ર વધારો કરવા માટે ભારત સરકારના જાપાનીઝ સરકાર સાથે જાપાનીઝ ડાંગરની ખેતી પધ્ધતિ પર આધારીત ઈન્ડો જાપાનીઝ ખેતીવાડી નિદર્શન ફાર્મ સ્થાપવા માટેના કરાર થયા. જેના ભાગ રૂપે ભારત સરકાર અને જાપાનીઝ સરકારના સહયોગથી ડાંગર સંશોધનની કામગીરીને વેગવંતી બનાવવા જાપાનીઝ વૈજ્ઞાનિકની નિમણુંક કરવામાં આવી. જેમના દ્વારા ડાંગરની જુદી જુદી ખેતી પધ્ધતિઓ, ડાંગરના જુદી જુદી જાતના ખાતર અને રોપણી અંતરના અખતરા, ડાંગર પાકમાં રોગ–જીવાત નિયંત્રણ, ખેતી ખર્ચ ઘટાડવા માટે ખેતીમાં યાંત્રિકીકરણ તથા ઉનાળુ ડાંગરની સંશોધનની કામગીરી કરવામાં આવી.  હાર રોપણી (જાપાનીઝ પધ્ધતિથી રોપણી), ગુજરાતમાં ઉનાળુ ઋતુમાં ડાંગરની ખેતી, જુદીજુદી જાતોમાં ખાતરની ભલામણ, જુદી જુદી ઠીંગણી જાતોના નિર્દશન દ્વારા પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવી.

ત્યારબાદ સને ૧૯૭૨માં ગુજરાત કૃષિ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવતાં ડાંગરની જાતો વિકસાવવાનું તથા બહાર પાડેલ જાતોની ખેતી પધ્ધતિ વિકસાવવાનું કામ  વધુ વેગવંતુ બનાવવામાં આવ્યું. સને ૧૯૮૬માં ડાંગરમાં સંકરણનો કાર્યક્રમ ડાંગરની વધુ ઉત્પાદન આપતી, ઝીણા દાણાવાળી, સુગંધિત તથા રોગ–જીવાત સામે પ્રતિકારક જાતો વિકસાવવા માટે વધુ ભાર આપવામાં આવ્યો.

ગુજરાત કૃષિ યુનિવર્સિટીનું સને ૨૦૦૪માં વિભાજન થતાં આ કેન્દ્ર નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તક કામગીરી કરી રહયું છે.

સને ૨૦૦૫માં સંકલિત તેલીબીયાં સંશોધન યોજના નવસારી ખાતેથી અહીં તબદીલ કરવમાં આવી અને સને ૨૦૦૯માં અખિલ ભારતીય સંકલિત મગફળી સંશોધન પ્રોજેકટ ચાલુ થયો.

પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર દ્વારા ગુજરાત રાજયના ખેડૂતો માટે ૨૦૨૨ સુધીમાં ૧૦૩ ખેડૂત ઉપયોગી સંશોધિત ભલામણો બહાર પાડવામાં ફાળો આપેલ છે. ડાંગરની ૫૧, મગફળીની ૧૦, મગની ૨, દિવેલાની ૧, ખરસાણીની ૧, શકકરીયાની ૧, સુરણની ૧ અને જુવારની ૧ જાત બહાર પાડવામાં અગત્યનો ફાળો છે.

છેલ્લા ૭ વર્ષમાં અત્રેના કેન્દ્ર દ્વારા ઓરાણ ડાંગરની જાતો  પૂર્ણા અને જી.આર.૧૬(તાપી), વરસાદ આધારીત રોપાણ ડાંગરની જાત જી.એન.આર.–૬, જાડા દાણાવાળી જાત જી.આર.૧૭

(સરદાર) અને લાંબા પાતળા દાણાવાળી જાત જી.આર.૨૪ (નવસારી પરિમલ), ઝીણા દાણાવાળી જી.આર.૧૮ (દેવલી કોલમ), બાયોફોર્ટીફાઈડની જી.એન.આર.૯ (લાલકડા ગોલ્ડ) બહાર પાડવામાં આવી.

ગુજરાત રાજયમાં સરકારી સંસ્થા દ્વારા સૌપ્રથમ ડાંગરની વહેલી પાકતી સંકર જાત જી.એન.આર.એચ.–૧ અત્રેના વ્યારા કેન્દ્ર દ્વારા સને ૨૦૧૬ માં બહાર પાડવામાં આવી છે. ત્યારબાદ મધ્યમ મોડી પાકતી જાત જી.આર.એચ.–૨ વર્ષ ૨૦૧૮ માં બહાર પાડવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં ડાંગરના વાવેતર વિસ્તારના અંદાજીત ૮૦% વિસ્તારમાં વાવેતર હેઠળની જાતો વિકસાવવામાં અત્રેના પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્રનો મહત્વનો ફાળો છે.

છેલ્લા છ વર્ષમાં અત્રેના કેન્દ્ર દ્વારા બહાર પાડવામાં આવેલ જાતોની માહિતી નીચે મુજબ છે.

| પૂર્ણા | |
|---|---|
| વંશાવલિ | અન્નદા × આર.આર.૧૫૧–૩ |
| છોડની ઉંચાઈ | ૧૨૦–૧૨૫ સે.મી. |
| પાકવાના દિવસો | ૯૩–૯૭ |
| ચોખાની લંબાઈ | ૫.૫૦ મી.મી. |
| ચોખાની જાડાઈ | ૨.૩૫ મી.મી. |
| ૧૦૦૦ દાણાનું વજન | ૧૯.૭૦ ગ્રામ |
| દાણાનો પ્રકાર | ટુકો જાડો |
| દાણાનું ઉત્પાદન | ૨૫૦૦–૩૦૦૦ કિ.ગ્રા./હે |
| વિશેષ ખાસિયતો | વહેલી પાકતી, મધ્યમ ઉંચી, રોગપ્રતિકારક ઓરાણ ડાંગર જાત |
| ભલામણ વિસ્તાર | દક્ષિણ ગુજરાતના બિન પિયત ઓરાણ ડાંગર વિસ્તાર |





| જી.એન.આર.–૬ | |
|---|---|
| **વંશાવલિ** | આઈ.આર.૨૮ × એન.એ.યુ.આર.–૧ |
| **છોડની ઉંચાઈ** | ૧૦૦–૧૧૦ સે.મી. |
| **પાકવાના દિવસો** | ૧૦૦–૧૦૫ |
| **ચોખાની લંબાઈ** | ૬.૬૬ મી.મી. |
| **ચોખાની જાડાઈ** | ૨.૧૩ મી.મી. |
| **૧૦૦૦ દાણાનું વજન** | ૨૪–૨૫ ગ્રામ |
| **દાણાનો પ્રકાર** | લાંબો પાતળો |
| **દાણાનું ઉત્પાદન** | ૪૦૦૦–૪૫૦૦ કિ.ગ્રા./હે |
| **વિશેષ ખાસિયતો** | વહેલી પાકતી, વરસાદ આધારીત રોપાણ ડાંગર જાત ચોખા મધ્યમ પાતળો દાણો અને રોગપ્રતિકારક જાત. |
| **ભલામણ વિસ્તાર** | દક્ષિણ ગુજરાતના વરસાદ આધારીત રોપાણ ડાંગર વિસ્તાર |






| જી.એન.આર.એચ.–૧ | |
|---|---|
| **વંશાવલિ** | એન.વી.એસ.આર.એમ.એસ.–૧ × ૧૨એસ.પી.–૧૦૫ |
| **છોડની ઉંચાઈ** | ૧૧૫–૧૨૫ સે.મી. |
| **પાકવાના દિવસો** | ૧૧૦–૧૧૫ |
| **ચોખાની લંબાઈ** | ૭.૫૦ મી.મી. |
| **ચોખાની જાડાઈ** | ૨.૧૧ મી.મી. |
| **૧૦૦૦ દાણાનું વજન** | ૨૪.૫ ગ્રામ |
| **દાણાનો પ્રકાર** | લાંબો પાતળો |
| **દાણાનું ઉત્પાદન** | ૫૦૦૦–૫૫૦૦ કિ.ગ્રા./હે |
| **વિશેષ ખાસિયતો** | વહેલી પાકતી રોપાણ ડાંગર જાત<br>લાંબો પાતળો દાણો<br>વધુ ઉત્પાદન |
| **ભલામણ વિસ્તાર** | ગુજરાત રાજયના પિયત રોપાણ ડાંગર વિસ્તાર |





| જી.આર.એચ.–૨ | |
|---|---|
| વંશાવલિ | એન.વી.એસ.આર.એમ.એસ.–૧ એ × ૧૨ કે.પી.–૧૦ |
| છોડની ઉંચાઈ | ૧૨૫–૧૩૫ સે.મી. |
| પાકવાના દિવસો | ૧૨૦–૧૨૫ |
| ચોખાની લંબાઈ | ૫.૭૮ મી.મી. |
| ચોખાની જાડાઈ | ૨.૦૩ મી.મી. |
| ૧૦૦૦ દાણાનું વજન | ૧૯.૬ ગ્રામ |
| દાણાનો પ્રકાર | મધ્યમ પાતળો |
| દાણાનું ઉત્પાદન | ૬૦૦૦–૬૫૦૦ કિ.ગ્રા./હે |
| વિશેષ ખાસિયતો | મધ્યમ મોડી પાકતી રોપાણ ડાંગર જાત<br>મધ્યમ પાતળો દાણો<br>વધુ ઉત્પાદન<br>આખા ચોખાના ટકા વધુ<br>મધ્યમ રોગ પ્રતિકારક શકિત |
| ભલામણ વિસ્તાર | ગુજરાત રાજયના પિયત રોપાણ ડાંગર વિસ્તાર |





| જી.આર.–૧૬ | |
|---|---|
| વંશાવલિ | જી.આર.–૫ × દંતેશ્વરી |
| છોડની ઉંચાઈ | ૯૫–૧૦૦ સે.મી. |
| પાકવાના દિવસો | ૯૫–૧૦૦ |
| ચોખાની લંબાઈ | ૬.૬૮ મી.મી. |
| ચોખાની જાડાઈ | ૨.૬૦ મી.મી. |
| ૧૦૦૦ દાણાનું વજન | ૨૭.૮૧ ગ્રામ |
| દાણાનો પ્રકાર | લાંબો જાડો |
| દાણાનું ઉત્પાદન | ૩૫૦૦–૪૦૦૦ કિ.ગ્રા./હે |
| વિશેષ ખાસિયતો | વહેલી પાકતી, ઢીંગલ ઢળી ન પડતી રોપાણ ડાંગર જાત<br>આખા ચોખાના ટકા વધુ<br>પાનની કરમોડી રોગ સામે મધ્યમ પ્રતિકારક શકિત<br>ગાભમારાની ઈયળ અને પર્ણ તલની કથીરી સામે મધ્યમ પ્રતિકારક શકિત |
| ભલામણ વિસ્તાર | ગુજરાત રાજયના બિન પિયત ઓરાણ ડાંગર વિસ્તાર |






| જી.આર.–૧૭ (સરદાર) | |
|---|---|
| **વંશાવલિ** | ગુર્જરી × જયા |
| **છોડની ઉંચાઈ** | ૧૧૦–૧૧૫ સે.મી. |
| **પાકવાના દિવસો** | ૧૧૩–૧૧૫ |
| **ચોખાની લંબાઈ** | ૭.૫૬ મી.મી. |
| **ચોખાની જાડાઈ** | ૨.૬૦ મી.મી. |
| **૧૦૦૦ દાણાનું વજન** | ૩૨.૮ ગ્રામ |
| **દાણાનો પ્રકાર** | લાંબો જાડો |
| **દાણાનું ઉત્પાદન** | ૫૫૦૦–૬૦૦૦ કિ.ગ્રા./હે |
| **વિશેષ ખાસિયતો** | વહેલી પાકતી, મધ્યમ ઢળી ન પડતી મમરા પૌવા માટેની જાત<br>આખા ચોખાના ટકા વધુ<br>પાનનો સુકારો, કરમોડી, ભુખરા દાણાનો રોગ, પર્ણ છેદના કોહવારા સામે મધ્યમ પ્રતિકારક શકિત<br>સફેદ પીઠવાળા ચુસીયા અને પાનવાળનારી ઈયળ સામે મધ્યમ પ્રતિકારક શકિત |
| **ભલામણ વિસ્તાર** | ગુજરાત રાજયના પિયત રોપાણ ડાંગર વિસ્તાર |







| જી.આર.–૧૮ (દેવલી કોલમ) | |
|---|---|
| **વંશાવલિ** | જી.એ.આર.–૧૩ × જે.જી.એલ.–૩૮૨૮ |
| **છોડની ઉંચાઈ** | ૧૨૦–૧૩૦ સે.મી. |
| **પાકવાના દિવસો** | ૧૧૦–૧૧૫ |
| **ચોખાની લંબાઈ** | ૫.૪૫ મી.મી. |
| **ચોખાની જાડાઈ** | ૧.૯૮ મી.મી. |
| **૧૦૦૦ દાણાનું વજન** | ૧૬.૧ ગ્રામ |
| **દાણાનો પ્રકાર** | મધ્યમ પાતળો |
| **દાણાનું ઉત્પાદન** | ૫૪૦૦–૫૮૦૦કિ.ગ્રા./હે |
| **વિશેષ ખાસિયતો** | વહેલી પાકતી, ઝીણા દાણાવાળી સારી ગુણવત્તા ધરાવતી જાત<br>આખા ચોખાના ટકા વધુ<br>પાનનો કરમોડી, ભુખરા દાણાનો રોગ તેમજ પર્ણચ્છેદના કહોવારા સામે મધ્યમ પ્રતિકારક શકિત<br>પાનના સફેદ પીઠવાળા ચુસીયા, પાનવાળનારી ઈયળ, ગાભમારાની ઈયળ તેમજ પર્ણતલ કથીરી સામે સહય પ્રતિકારક શકિત |
| **ભલામણ વિસ્તાર** | ગુજરાત રાજયના પિયત રોપાણ ડાંગર વિસ્તાર |






## જી.એન.આર.–૯ (લાલકડા ગોલ્ડ)

| | |
|---|---|
| **વંશાવલિ** | આઈ.આર.–૨૮ × લાલકડા |
| **છોડની ઉંચાઈ** | ૧૦૫–૧૧૫ સે.મી. |
| **પાકવાના દિવસો** | ૧૧૦–૧૧૫ |
| **ચોખાની લંબાઈ** | ૬.૬૭ મી.મી. |
| **ચોખાની જાડાઈ** | ૨.૨૧ મી.મી. |
| **૧૦૦૦ દાણાનું વજન** | ૨૩.૭૯ ગ્રામ |
| **દાણાનો પ્રકાર** | લાંબો પાતળો |
| **દાણાનું ઉત્પાદન** | ૪૦૦૦–૪૨૦૦ કિ.ગ્રા./હે |
| **વિશેષ ખાસિયતો** | વહેલી પાકતી, ઢળી ન પડતી ઢીંગલી જાત<br>આખા ચોખાનું પ્રમાણ (૫૬.૨૪ %)<br>વધુ પ્રોટીન ( ૮.૪૪% ) તેમજ ૩.૪ ppm લોહતત્વ અને ૧૯.૧૭ ppm જસત ધરાવે છે.<br>પાનનો કરમોડી સામે મધ્યમ પ્રતિકારક<br>ગાભમારાની ઈયળ, પાનવાળનારી ઈયળ અને પર્ણતલ કથીરી સામે સહય પ્રતિકારક |
| **ભલાામણ વિસ્તાર** | દક્ષિણ ગુજરાતના પિયત રોપાણ ડાંગર વિસ્તાર |






| જી.આર.–૨૪ (નવસારી પરિમલ) | |
|---|---|
| **વંશાવલિ** | ગુર્જરી × આઈ.આર.–૨૮ |
| **છોડની ઉંચાઈ** | ૧૦૫–૧૧૯ સે.મી. |
| **પાકવાના દિવસો** | ૧૧૦–૧૧૫ |
| **ચોખાની લંબાઈ** | ૭.૦૧ મી.મી. |
| **ચોખાની જાડાઈ** | ૨.૩૧ મી.મી. |
| **૧૦૦૦ દાણાનું વજન** | ૨૫.૧ ગ્રામ |
| **દાણાનો પ્રકાર** | લાંબો પાતળો |
| **દાણાનું ઉત્પાદન** | ૪૧૦૦–૫૧૦૦ કિ.ગ્રા./હે |
| **વિશેષ ખાસિયતો** | વહેલી પાકતી અને ઢળી ન પડતી<br>આખા ચોખાનું પ્રમાણ (૫૮.૨ %)<br>પાનનો કરમોડી સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવે છે.<br>બદામી અને સફેદ પીઠવાળા ચુસિયા પ્રકારનછ જીવાત સામે સામે મધ્યમ પ્રતિકારક |
| **ભલાામણ વિસ્તાર** | ગુજરાત રાજયના  પિયત રોપાણ ડાંગર વિસ્તાર |






| જી.આર.–૨૫ (મહાત્મા) | |
|---|---|
| **વંશાવલિ** | જી.આર.૭ × જયા |
| **છોડની ઉંચાઈ** | ૧૨૫–૧૩૫ સે.મી. |
| **પાકવાના દિવસો** | ૧૩૦–૧૩૫ |
| **ચોખાની લંબાઈ** | ૭.૩૪ મી.મી. |
| **ચોખાની જાડાઈ** | ૨.૮૩ મી.મી. |
| **૧૦૦૦ દાણાનું વજન** | ૩૩.૮ ગ્રામ |
| **દાણાનો પ્રકાર** | લાંબો જાડો |
| **દાણાનું ઉત્પાદન** | ૬૧૦૦–૬૫૦૦ કિ.ગ્રા./હે |
| **વિશેષ ખાસિયતો** | મધ્યમ મોડી, જાડા દાણાવાળી, પૌવા માટેની જાત<br>૧૦૦૦ દાણાનુ વજન (૩૩.૮ ગ્રામ)<br>આખા ચોખાનું પ્રમાણ (૫૮.૩ %)<br>પાનનો કરમોડી સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવે છે.<br>ગાભમારાની ઈયળ,પર્ણતલની કથીરી તથા પાન વાળનારી ઈયળ સામે મધ્યમ પ્રતિકારક |
| **ભલાામણ વિસ્તાર** | ગુજરાત રાજયના પિયત રોપાણ ડાંગર વિસ્તાર |





| જી.આર.–૨૮ (વાલ્મિકી) | |
|---|---|
| **વંશાવલિ** | જી.આર.૭ × એન.વી.એસ.આર. ૨૦૯૪ |
| **છોડની ઉંચાઈ** | ૧૨૫–૧૩૫ સે.મી. |
| **પાકવાના દિવસો** | ૧૧૮–૨૫ |
| **ચોખાની લંબાઈ** | ૬.૮૦ મી.મી. |
| **ચોખાની જાડાઈ** | ૨.૦૯ મી.મી. |
| **૧૦૦૦ દાણાનું વજન** | ૨૧.૫ ગ્રામ |
| **દાણાનો પ્રકાર** | લાંબો પાતળો |
| **દાણાનું ઉત્પાદન** | ૫૨૦૦–૫૬૦૦ કિ.ગ્રા./હે |
| **વિશેષ ખાસિયતો** | મધ્યમ મોડી, લાંબો પાતળા દાણાવાળી,<br>આખા ચોખાનું પ્રમાણ (૫૬.૧ %)<br>પાનનો કરમોડી સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવે છે.<br>બદામી ચુસીયા, ગાભમારાની ઈયળ,પર્ણતલની કથીરી તથા પાન વાળનારી ઈયળ સામે મધ્યમ પ્રતિકારક |
| **ભલામણ વિસ્તાર** | ગુજરાત રાજયના પિયત રોપાણ ડાંગર વિસ્તાર |





**મુલાકાત માટે સંપર્ક:**

| **ડો. વી.પી.પટેલ** | |
|---|---|
| સંશોધન વૈજ્ઞાનિક (કૃ.વ.)<br>પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર<br>નવસારી કૃષિ યુનિવર્સિટી<br>વ્યારા, જી. તાપી<br>પીન નં. ૩૯૪ ૬૫૨<br>ગુજરાત | |
| ટેલીફોન નંબર | |
| ઓફીસ | **02626 220212** |
| મોબાઈલ | **08469417374** |
| E-mail | rrrsvyara@yahoo.in, rrrsvyara@nau.in |


**માહિતિ માટે સંપર્ક:**


સંશોધન વૈજ્ઞાનિક (કૃ.વ.)
પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
વ્યારા, જી. તાપી
પીન નં. ૩૯૪ ૬૫૨



# ફોટોગ્રાફ:–

## ડાંગર બ્રીડીંગ અખતરાઓ










Emasculator used to remove anthers



Panicles kept for anthesis

## ડાંગરમાં સંકરણની કામગીરી



સંકરણ કરેલ ડાંગરના છોડ



નર વંધ્ય જાતોનું બીજ ઉત્પાદન

મગફળીના બ્રીડીંગ અખતરાઓ





# મગફળીમાં સંકરણની કામગીરી






# ખેડૂત દિન



પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા
દ્વારા આયોજીત
ખેડૂત દિન-વ
ડાંગર પાક પરિસંવાદ




પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા
તથા આત્મા પ્રોજેક્ટ, તાપી દ્વારા આયોજીત
ખેડૂત દિન-વ
ડાંગર પાક પરિસંવાદ
૦૫/૧૦/૨૦૧૯
સમય : સવારે ૧૦.૦૦ કલાકે




પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા
દ્વારા આયોજીત
ખેડૂત દિન-વ
ડાંગર પાક પરિસંવાદ
પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
વ્યારા (તાપી)